PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/કવા–૦૩/૧૭–૧૮/ (૨૯ (૩) તા. ૨૫-૦૧-૧૮

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રાઠોડ લખમણ રામજી વાણંદ,
ગામ: ઘતુરીયા
તા. કલ્યાણપુર
જી. દેવભુમી દ્રારકા
મો: ૯૭૧૨૨ ૧૫૩૨૫

વિષય :–માલીકી ની જમીન મા પોલ ન ઉભા કરવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૨–૧૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૮/કવા–૦૩/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્રારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૮/કવા-૦૩/૧૭-૧૮ કમિટી મીટીંગ: તા. ૧૬-૦૧-૧૮ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રાઠોડ લખમણ રામજી વાણંદ, ગામ: ઘતુરીયા

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પુત્ર દિનેશભાઈ લખમણભાઈ રાઠોડ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ - વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : માલીકી ની જમીન મા પોલ ન ઉભા કરવા બાબત

**મુદદા નં.-૧ :** પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની માલીકી ની ખેતીવાડી ની જમીન - કલ્યાણપુર તાલુકાના ઘતુરીયા ગામે રે.સ.નં.-૧૦૦, જુના સ.ન.-૧૫૭/ ૧ ની જમીન, હે. ૦૯-૨૧-૨૨ આવેલ છે. તેમના ગામ ના ભીમસી ગોગન આંબલીયા નો ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે નો વારો આવતા - તેઓની જમીન મા તેમની જાણકારી બહાર સર્વે કરી અને થાંભલા ખોડી ગયેલ છે. જે સામે તેઓને ખૂબજ વાંધો છે. આ પોલ ની લાઈન ઉભી થાય તો તેઓને ખેતી કરવામા વાંધો આવે તેમ છે. આ બાબતે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ :** પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે - અરજદાર ને તેમજ સામેવાળા શ્રી ભીમસી ગોગન આંબલીયા ને સાથે રાખીને તા.૦૮-૦૧-૧૮ ના રોજ કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા રૂબરૂ સ્થળ ખરાઈ કરેલ જેમા માલુમ પડેલ કે - શ્રી ભીમસી ગોગન આંબલીયા ના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના પોલ - જે હાલ જે ઉભા કરેલ છે, તે તમામ પોલ - સરકારી ખરાબા ની જમીન મા ઉભા કરેલ છે, તેમ સ્પષ્ટ માલુમ પડેલ છે. જે અરજદાર ને કોઈપણ જાતના ખેતીકામમા નડતરરૂપ થાય તેમ નથી. |

**મુદદા નં.-૩ :** : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | આમ, અરજદાર ની ફરીયાદ મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, શ્રી ભીમસી ગોગન આંબલીયા ના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના પોલ - જે હાલ જે ઉભા કરેલ છે, તે તમામ પોલ - સરકારી ખરાબા ની જમીન મા ઉભા કરેલ છે, જેથી અરજદાર ને કોઈપણ જાતના ખેતીકામમા નડતરરૂપ થાય તેમ નથી. તેમછતા - જો અરજદાર દ્વારા તલાટી કમ મંત્રી પાસે સદર બાબતે - રેવન્યુ રેકર્ડ મુજબ સર્વે કરી - ઉભા કરેલ પોલ - સદર ફરીયાદી ની જમીન મા નડતરરૂપ હોય તો- સદર બાબત - પીજીવીસીએલ મા દિન-૧૦ મા રજુ કર્યે આગળ ની નિયમાધીન કાર્યવાહી કરાવામા આવશે - અન્યથા - ફરીયાદી અરજદાર ને સદર બાબતે કોઈ વાંધો ન હોય - શ્રી ભીમસી ગોગન આંબલીયા ના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ આપવા માટે ની કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા નિયમાધીન રીતે કરવી. તે મુજબ નો - સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ :

હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.